જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,૨૫૬૩૦૩૦૦,૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૧/૧/૨૦૧૫ રવિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

<u>શહેર પોલીસ ધ્વારા કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરીઃ-</u> <u>સમાચાર યાદી નં.૭૪/૧૫</u>

<u>ક્રાઇમ બ્રાન્ચ :</u>

## એસ.ટી.બસમાં પેસેન્જરોની નજર ચુકવી બેગ લીફ્ટીંગના ગુન્હાઓ કરતા બે ઈસમોને ઝડપી પાડતી ક્રાઈમબ્રાન્ચ.

નાયબ પોલીસ કમિશ્નરશ્રી ક્રાઇમ બ્રાન્ચ તથા મ.પો.કમિ.શ્રી સાયબર ક્રાઇમ સેલ નાઓની સુચનાથી તેમજ પોલીસ ઇન્સપેકટર એચ.એ.રાઠોડ સાહેબના માર્ગદર્શન હેઠળ પો.સ.ઇન્સ.શ્રી જે.એમ.જાડેજા નાઓ મિલકત સબંધી ગુનાઓ શોધવા માટે પેટ્રોલીંગમાં હતા દરમ્યાન બાતમી હકીકત મળેલ કે, એસ.ટી.બસમાં પેસેન્જરોની નજર ચુકવી બેગોની ચોરી કરતાં ઈસમો (૧) મહેશ બાલારામ જાતે, શિર્કે ઉ.વ.૩૧ રહે,મહાજનીયાવાસ રઘું છારાના મકાનમાં નરોડા પાટીયા અમદાવાદ શહેર(૨) મિતેશ ઉર્ફે સીકું S/O લક્ષ્મણભાઇ જાતે પાનવેકર ઉ.વ.૨૫ રહે,મહાજનીયાવાસ કાચા છાપરામાં સરદારનગર અમદાવાદ શહેર નાઓને આજરોજ તા.૧૦/૦૧/૨૦૧૫ નારોજ અટક કરી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.

સદરી આરોપીઓની પુછપરછ દરમ્યાન છેલ્લા પાંચેક માસથી એસ.ટી.સ્ટેન્ડ ,ગીતા મંદિર ખાતે આવતી જતી બહાર ગામની એસ.ટી. બસોમાંથી પેસેન્જરોની નજર ચુકવી તેઓના માલ સામાન ભરેલ બેગો તેમજ થેલાઓની આશરે વીસ થી પચ્ચીસ ચોરીઓ કરેલ હોવાનુ જણાવતા હોય જેમાં કાગડાપીઠ પો.સ્ટે.ગુ.ર.નં. ૯/૨૦૧૪ ઈ.પી.કો.કલમ ૩૭૯ મુજબનો ગુનો શોધી કાઢેલ છે તેમજ કાલુપુર રેલ્વે પોલીસ સ્ટેશનનો તથા મહારાષ્ટ્રના સતારા પો.સ્ટે.ના ગુનાઓ શોધી કાઢેલ છે અને જેઓની પાસેથી લેપટોપ તેમજ બીજી ચીજવસ્તુઓ મળી કુલ્લે રૂ.૨૧,૫૦૦/- નો મુદ્દામાલ કબ્જે કરવામાં આવેલ છે.

નાયબ પોલીસ કમિશનર
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર
પોલીસ કમિશનર વતી.